पुष्टि सिंधू

रत्न - १

પુષ્ટિ સિંધુ

રત્ન-૧

પુષ્ટિમાગીય આચારસંહિતા

આચરણ

પ્રકાશક

શ્રીવ્રજચંદ્રમાજી વૈષ્ણવ મંડળ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩

પ્રથમ સંસ્કરણ

સંવત ૨૦૭૦, ઓગષ્ટ ૨૦૧૪

© **copy right** સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રત

૧૦૦૦

ન્યોછાવર

રૂા. ૧૧/-

પ્રાપ્તિ સ્થાન

ગોપાલભાઈ શાહ

બી-૮૦૭, પ્રિમીયમ હાઉસ, ગાંધીગ્રામ રોડ, હેન્ડલુમ હાઉસની
પાછળ, નટરાજ ટોકીઝ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૦૯
ફોન : ૦૭૯-૨૬૫૮૨૬૦૧, મો : ૯૩૭૬૨૪૧૨૧૩

મુકુન્દભાઈ શાહ

એમ-૨, લેઈકવ્યુ એપાર્ટમેન્ટ, વસ્ત્રાપુર તળાવ સામે, વસ્ત્રાપુર,
અમદાવાદ - ૫૬. ફોન : ૦૭૯-૩૦૧૨૭૨૬૪ મો : ૯૮૭૯૬૯૪૪૬૯

卐 શ્રી 卐

૭ : પવિત્રા ધરવાની રીત, માહાત્મ્ય અને ફલ

❖ પવિત્રુ શેનું બનાવીને ધરવામાં આવે છે ?

સત્યુગમાં સુવર્ણના તારનું, ત્રેતાયુગમાં ચાંદીના તારનું, દ્વાપરમાં મણિનું અને કલિયુગમાં રેશમ કે સુતરમાંથી બનાવેલું ઉત્તમ માનવામાં આવે છે.

❖ પવિત્રામાં કેટલી ગાંઠ હોય છે ?

૧૦૮ (વેદના ૧૦૮ કાંડ છે તે ભાવથી) અને (૧૦૮ પરમહંસવાચક છે તે ભાવથી), ૧૨ ન્યૂનતમ, ૫૬ મધ્યમ, ૧૦૮ ઉત્તમ.

❖ પવિત્રામાં કેટલા તાર હોય છે ?

૩૬૦ (૩૬૦ એ વર્ષના ૩૬૦ દિવસો છે તે ભાવથી)

❖ પવિત્રાની લંબાઈ કેટલી હોવી જોઈએ ?

પવિત્રુ કમથી કમ કટિ (કમર) સુધીનું હોય છે. તેને હીન કહ્યું છે. ઢીંચણ સુધી હોય તેને મધ્યમ કહ્યું છે અને ચરણ સુધી હોય તેને ઉત્તમ કહ્યું છે.

❖ કયા રંગના પવિત્રા ધરવા જોઈએ ?

પવિત્રા ઠાકોરજી અને ગુરુને કેસરી રંગના ધરવા જોઈએ.

❖ પવિત્રા બનાવતી વખતે શો નિયમ પાળવો જોઈએ ?

નાહી-ધોઈને અલૌકિક વ્યવહાર કરવાના વસ્ત્રો જે અલગ રાખ્યા હોય તે પહેરી, તિલક ટીકી કરી, ચરણામૃત-ચરણોદક લઈ શુદ્ધ હાથ, નિષ્કપટ સ્નેહયુક્ત હૃદય રાખી બનાવવા જોઈએ.

❖ પવિત્રા ક્યારે ધરવામાં આવે છે ?

શ્રાવણ સુદી અગિયારસે શ્રીઠાકોરજીને ધરવામાં આવે છે અને શ્રાવણ સુદી બારસે (તેના બીજા દિવસે) વલ્લભકુળના બાલકોને ધરવામાં આવે છે.

❖ ગુરુને પવિત્રા ધરાવતી વખતે શું કરવું જોઈએ ?

ગુરુને પવિત્રા ધરાવી, કેસરી મીસરી કે કેસરી પેંડો પણ આરોગવાવો જોઈએ. તે દિવસે તેમની સન્મુખ બેસીને સર્વોત્તમ સ્તોત્રનો પાઠ પણ કરવો જોઈએ. બાકીના દિવસોમાં ઘરે અચુક શ્રીવલ્લભાચાર્યજી અને ગુરુના ચિત્રજીને બે બે પવિત્રા ધરીને ભારતીય વૈષ્ણવ વેશમાં સામે બેસી

મીસરી ધરી શ્રીસર્વોત્તમસ્તોત્રનો પાઠ કરવો.

નવું પવિત્રુ સિદ્ધ થાય તે ગુરુજીને ધરાવો તે પછી ગુરુના ચિત્રજીને રોજ ધરાવીને સર્વોત્તમ સ્તોત્રનો પાઠ નિત્ય કરવો જોઈએ.

❖ પવિત્રાનો ભાવ શું છે ?

શ્રીગોપીનાથજી પવિત્રાનો ભાવ ચાર શ્લોકમાં સમજાવે છે. જેમાંથી એક શ્લોક અહીં પ્રગટ કરીએ છીએ.

સમર્પયામિ તત્પ્રીતઃ કૃપયાઙ્ગીકુરુ પ્રભો.। તત્સમર્પણતો ભાવ સેવાયાઃ ફલરૂપતા ॥...

હે પ્રભુ, આખા વર્ષના દિવસોમાં જે સેવા કરી તેને,પવિત્રાના સૂત્રો રુપે બહુજ આનંદના અનુભવના કારણે આપને ધરાવી સ્નેહ પ્રગટ કરી આમાં કેવળ મારું સર્વસ્વ સમર્પણ ભક્તિભાવથી કરવાનો ભાવ આપને પવિત્રું ધરાવી પ્રગટ કરું છું. આપનો જે મારા પ્રત્યે સામેથી અકારણ સ્નેહ છે તે સદા બન્યો રહે અને સમર્પણ દ્વારા મારી સેવા ખાલી ક્રિયાત્મક ન રહી મારા દેહ આદિ અને સેવા ભાવાત્મક થાય તે ફલ માટે...

❖ પવિત્રા બનાવતી અને ધરતી વખતે વૈષ્ણવોએ શું બોલવું ?

આનંદાય નમઃ, પરમાનંદાય નમઃ, શ્રીકૃષ્ણાસ્યાય નમઃ.

❖ પવિત્રા હાથે બનાવીને જ ધરવા જોઈએ કે વેચાતા લાવીને ?

પવિત્રા પોતાના હાથે જ સિદ્ધ કરીને ધરવા જોઈએ. વેચાતા લાવીને ધરવામાં બાધ નથી. પણ તે ઉત્તમ નથી.

◆ શ્રીઠાકોરજીને પવિત્રા ક્યારે ધરાય ?

શ્રાવણ સુદી અગિયારસના દિવસના જે સમયમાં ભદ્રા ના લાગતી હોય તે પછી જ પવિત્રા ધરવા જોઈએ. જો એક સમયની સેવા હોય તો તેણે પણ રાહ જોઈને ભદ્રા જતી રહે પછી જ પ્રભુને પવિત્રા ધરવા જોઈએ.

◆ પવિત્રા કયા સમયમાં ન ધરાય ?

જ્યારે ભદ્રા હોય ત્યારે પવિત્રા અને રક્ષા ધરાય જ નહીં.

◆ પવિત્રા કોણે અને ક્યારે ન ધરાય ?

સૂતક વર્ણ પ્રમાણે બ્રાહ્મણ ૧૦ રાત્રિ, ક્ષત્રિય ૧૩ રાત્રિ, વૈશ્ય ૧૫ રાત્રિ અને શુદ્ર ૨૦ રાત્રિ, સૂવાવડ કે જનનાશૌચમાં, રજસ્વલા ધર્મમાં, મદિરા, જુગાર, વૈશ્યાગમન, માંસભક્ષણ, ડુંગળી-લસણ વગેરે ખાનાર, અન્યાશ્રય કરનાર, ભગવદ્ નિંદા કરનાર, ભક્તનિંદા કરનાર, ગુરુનિંદા કરનાર, દેવદ્રવ્ય, ગુરુદ્રવ્ય, વૈષ્ણવદ્રવ્ય ખાનાર, બીજાનું શોષણ કરનાર, બીજાના અધિકાર ઈચ્છનાર, વેદનિંદા કરનાર, કૃષ્ણને મનુષ્ય જાણનાર, આચાર્યને મનુષ્ય જાણનાર, સ્વરુપને મૂર્તિ જાણનાર, ગંગા-યમુના જેવી નદી, ગોપીચંદન, આચાર્ય, ભક્ત, કૃષ્ણના નામો, શાલીગ્રામ, તુલસીને લૌકિક સ્વરુપે જોનાર કે તેમને સાક્ષાત્ ભગવદ્સ્વરુપ ન જાણનાર, ચોરી કરનારે પવિત્રા ન ધરાય.

◆ પવિત્રાએકાદશીએ કયા કીર્તન કરવામાં આવે છે ?

પવિત્રા પહેરે શ્રીગોકુલનાથ, વ્રજ ભયો મહર કે પૂત કીર્તન ગાવું અને

આખા દિવસ જન્માષ્ટમીની વધાઈ થાય(મલ્હાર રાગમાં).શયનમાં ધન્ય રાની જસુમતી - એ પદ ગવાય છે.

❖ પવિત્રા એકાદશી એ કયા શૃંગાર - સામગ્રી ધરવામાં આવે છે ?

શૃંગાર - અભ્યંગ થાય. ગાદી તકીયા સુધી સફેદી ઉતરે, રાધાષ્ટમી સુધી, લાલ મલમલના વસ્ત્ર, શ્રીમસ્તક પર પાઘ, ચંદ્રિકા, સામગ્રીમાં બુંદી, કેસરી મીસરી અને કેસરનો પેંડો.

❖ સૌથી પહેલા શ્રીવલ્લભાચાર્યજીએ ક્યારે અને કોને પવિત્રુ ધરાવ્યું ?

સૌપ્રથમ શ્રીવલ્લભાચાર્યજીએ શ્રાવણ સુદી ૧૧ની મધ્યરાત્રિએ રાસેશ્વર શ્રીગોકુલચંદ્રમાજી (રાસલીલાનું સ્વરુપ)ને પવિત્રા ધરાવ્યા.

❖ પવિત્રા ધરાવ્યા પછી શું પ્રકટ કર્યું ?

શ્રીવલ્લભાચાર્યજીએ પવિત્રુ ધરી શ્રીમધુરાષ્ટક પ્રગટ કર્યું.

❖ શ્રાવણ સુદીબારસે કોણે, કોને, ક્યાં પવિત્ર ધર્યું ?

શ્રાવણ સુદી બારસે પ્રાતઃકાલે દામોદરદાસ હરસાનીજીએ શ્રીવલ્લભાચાર્યજીને ગોવિન્દઘાટ ઉપર પવિત્રુ ધરાવ્યું.

❖ પવિત્રાદ્વાદશીનો દિવસ કયા દિવસ તરીકે ઓળખવામાં આવે છે ?

પુષ્ટિસંપ્રદાય સ્થાપના દિવસ.

❖ પવિત્રા એકાદશીની લીલા કયા સ્થળે થઈ ?

શ્રીગોકુલમાં ગોવિન્દઘાટ ઉપર આ લીલા થઈ.

❖ પવિત્રાએકાદશી અને બારસને કયો ઉત્સવ કહેવાય છે?

શુદ્ધ પુષ્ટિમાર્ગીય ઉત્સવ ચાર છે. ૧. દાનએકાદશી, ૨. શરદપૂનમ, ૩. હોળી, ૪. પવિત્રા એકાદશી.

❖ પવિત્રા કઈ ભક્તિનું ક્રિયાત્મક સ્વરુપ છે ?

❖ અવિરત શુદ્ધ સ્નેહાત્મિકા ભક્તિ.

❖ પવિત્રા એ કઈ લીલા છે ?

પુષ્ટિલીલા.

❖ પવિત્રા ધરવાનું ફલ શું છે ?

સેવા અને સમર્પણને ભાવાત્મક અને અનુભાવાત્મક કરવા માટે પ્રભુ અને શ્રીવલ્લભ સામેથી પુષ્ટિ કરે તે દૈવી જીવોને મળતું ફલ છે. જ્યારે મર્યાદાને વાર્ષિક સેવાનું ફળ મળે છે.

❖ રેશમ કે સૂતરના તારનો ભાવ શો છે ?

રેશમ કે સૂતરનો તાર શુદ્ધ સ્નેહ (નિરુપાધિક સ્નેહ), અનન્ય સ્નેહનું સ્વરુપ છે. સૂતરને બ્રહ્મનું સ્વરુપ કહ્યું છે.

❖ પવિત્રા કેટલી સંખ્યામાં ધરાવવા જોઈએ ?

ગુરુજીને બે પવિત્રા ધરવા જોઈએ અને શ્રીઠાકોરજીને ત્રણ- સ્વામિનીજી, ગુરુજી અને પોતાના ભાવથી.

❖ પવિત્રા કોના મનોરથ સ્વરુપે શ્રીઠાકોરજી અને ગુરુજીને ધરાવવામાં આવે છે ?

શ્રીઠાકોરજીને ત્રણ પવિત્રા ધરવામાં આવે છે. તેમાં શ્રીસ્વામિનીજી,

શ્રીવલ્લભાચાર્યજી-ગુરુદેવ અને ત્રીજા આ બે આપણને પોતાના જાણી વરણ કરવાથી આપણા પોતાના સમર્પણ સ્નેહ પ્રભુને ધરાવે છે.

ગુરુજીને બે પવિત્રા ધરાવીએ છીએ. જેમાં એક વલ્લભાચાર્યજીના ભાવથી અને બીજો પોતાના પતિ હોવાના ભાવથી.

❖ પવિત્રા ધરવાની પરંપરા કેવી રીતે ચાલુ થઈ ?

મર્યાદામાર્ગમાં શ્રાવણ સુદ બારસે કૃષ્ણની નિષ્કામ ભક્તિ કરનારા ભક્તો તેમને પવિત્રું ધરી વાર્ષિક સેવાનુંફલ મળે તે ભાવ પ્રગટ કરતા. પરંતુ શ્રાવણ સુદી અગિયારસે મધ્યરાત્રિએ જ્યારે સાક્ષાત્ જેમ ગોકુલમાં જશોદાની કૂખે વ્રજભક્તો માટે પરમાનંદ સ્વરુપ પ્રગટ થયા તેમ શ્રીમહાપ્રભુજીના મનોરથથી વશ થઈ શ્રાવણ સુદ બારસની જગ્યાએ સામેથી સ્વયં એ જ યશોદાના પુત્ર અને ગોપીજનના પતિ એવા વલ્લભને વશ થઈ મધ્યરાત્રિએ પ્રગટ્યા તેવી પુષ્ટિકૃપા સામેથી થઈ તેના સ્વરુપે શ્રીવલ્લભાધીશે અગિયારસે જ મધ્યરાત્રિએ પ્રભુને પવિત્રું ધરાવ્યું અને તેના બીજા દિવસે સવારે શ્રાવણ સુદ બારસે તે જ ભાવથી દમલાજીએ શ્રીમહાપ્રભુજીને પવિત્રુ ધરાવ્યું. ત્યારથી આ પરંપરા ચાલુ થઈ.

❖ ગુરુને પવિત્રા ધરાવતી વખતે શું નિયમ પાળવા જોઈએ ?

વૈષ્ણવના વેશમાં તિલક કે ટીકી કરી, ચરણામૃત - ચરણોદક લઈ, નિષ્કામ શુદ્ધ સ્નેહયુક્ત હૃદયથી, પવિત્રા ના ધરવીએ ત્યાં સુધી ભૂખ્યા રહી (વ્રત કરી) પવિત્રા ધરાવ્યા પછી જ વ્રત તોડવું જોઈએ.

❖ પવિત્રાનું માહાત્મ્ય શું છે ?

શ્રીઠાકોરજી અને ગુરુ પ્રત્યે શુદ્ધ સ્નેહ (માધુર્ય)નું સ્વરુપ છે.

ફલ

❖ સેવા અને સમર્પણને ભાવાત્મક અને અનુભાવાત્મક કરવા માટે પ્રભુ અને શ્રીવલ્લભ સામેથી પુષ્ટિ કરે તે દૈવી જીવોને મળતું ફલ છે. જ્યારે મર્યાદાને વાર્ષિક સેવાનું ફળ મળે છે.

卐 卐